1. ટૂંક નોંધ લખો : રાજ્યશાસ્ત્ર અને ઈતિહાસનો સંબંધ

- ઈતિહાસ એ ભૂતકાળમાં જુદા જુદા સમયે બનેલા બનાવોનો અભ્યાસ છે. ઈતિહાસ દ્વારા આપણને રાજયની ઉત્પત્તિ કેવી રીતે થઈ? ક્યારે થઈ ? તેમ જ તેની શરૂઆતનું સ્વરૂપ કેવું હતું ? વગેરે જેવી આધારભૂત માહિતી મળે છે. ઈતિહાસની આ માહિતીને આધારે આપણે રાજ્યશાસ્ત્રની ચોક્કસ શાસન પદ્ધતિ વિકસાવી શકાય છે. રાજયશાસ માં વિષયવસ્તુ જીવંત મનુષ્ય છે, પરિણામે રાજયશાસ્ત્રના સિદ્ધાંતો તારવવા માટે ઈતિહાસની મદદ લેવી પડે છે.
- ઈતિહાસનો અભ્યાસ રાજયશાસ્ત્રના અભ્યાસીઓ માટે કાચો માલસામાની ગરજ સારે છે. દા.ત. સરકારની ફેરબદલી ક્રાંતિ દ્વારા કરવી કે અહિંસક ચૂંટણી પદ્ધતિ દ્વારા અંગેના નિર્ણય લેવા માટે ઈતિહાસની મદદ અનિવાર્ય બની જાય છે. ઈતિહાસમાં ઘણા બનાવો બન્યાં છે કે જેમાં હિંસા કરતા અહિંસક માર્ગ દ્વારા રાજકીય પરિવર્તનો થયા છે.
- ઈતિહાસ અનેક વિષયો ઉપર લખાયા છે. સાહિત્યનો ઈતિહાસ, કલા સંસ્કૃતિનો ઈતિહાસ, શોધખોળનો ઈતિહાસ વગેરે, ભલે ઈતિહાસ રાજ્યશાસ્ત્ર સાથે સીધી રીતે સંબંધ ન પણ હોય. પરંતુ, એ વાત ચોક્કસ છે કે આ તમામ બાબતો રાજયમાં ઉદ્ભવે છે અને તે અંગેના આખરી નિર્ણય પણ રાજ્ય દ્વારા લેવાતા હોય છે.
- ઈતિહાસ રાજયશાસના વિદ્યાર્થીઓમાં સારી એવી માહિતી પુરી પાડે છે. દા.ત. 19મી સદીના યુરોપમાં સામ્રાજ્યવાદ, વ્યક્તિવાદ અને સમાજવાદનું મહત્ત્વ ઈતિહાસ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે, તે જ પ્રમાણે ભારતના સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ અને તેનું રાજકીય ક્ષેત્રમાં મહત્ત્વ શું હતું ? આ મહત્ત્વ સમજવું હોય તો ભારતીય ઈતિહાસને જાણવો અને સમજવો જરૂરી છે. ઈતિહાસ અને રાજયશાસના વચ્ચે કેટલાક તફાવતો છે. જેમ કે ઈતિહાસ ભૂતકાળની સમજતી આપતી વિદ્યાશાખા છે જયારે રાજયશારા ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ સાથે સંબંધ ધરાવતું શાસ્ત્ર છે.
- રાજયશાસ્ત્ર રાજ્ય કેવું છે અને કેવું હોવું જોઈએ તેની સાથે સંબંધ ધરાવે છે. જ્યારે ઈતિહાસ રાજ્ય કેવું હતું તેની સાથે સંબંધ કરાવે છે. ઈતિહાસનું અભ્યાસક્રમ વિશાળ છે જે રાજયશાસ્ત્રનો અભ્યાસ ક્ષેત્રે વિકાસની તલનાએ સીમિત છે, આમ ઈતિહાસ અને રાજયશાસ્ત્ર એ બંનેનું અધ્યયન એકબીજાના પૂરક સાબીત થયા છે .

2. ટૂંક નોંધ લખો : રાજ્યશાસ્ત્ર અને અર્થશાસનો સંબંધ

- પ્રાચીન સમયથી રાજયશાસ્ત્ર અને અર્થશારા વચ્ચે સુમેળભર્યા સંબંધો જોવા મળ્યા છે. રાજયશાસ્ત્ર રાજયના કાર્યો તેની સમસ્યાઓ તથા તેના હેતુઓ સાથે સંકળાયેલું છે. અર્થશાસ્ત્ર સોધન અને સંપત્તિનું શાર છે તે સંપત્તિના ઉત્પાદન, વહેંચણી, વિનિમયે અને વપરાશનો અભ્યાસ કરે છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી આ બંને શાસ્ત્રી વચ્ચેના સંબંધો દિનપ્રતિદિન ગાઢ બનતા જાય છે. વર્તમાનમાં અર્થશાસ્ત્રનો પ્રભાવ રાજયશાસ્ત્ર પર વધતું જાય છે. આ સંબંધ નીચે પ્રમાણે સમજી શકાય.

  (1) ધ્યેયઃ રાજયશાસ્ત્રમાં રાજ્ય અને અર્થશાસ્ત્રમાં સાધન અને સંપત્તિ કેન્દ્રસ્થાને છે. તેમનો અંતિમ ધ્યેય લોકકલ્યાણનો છે. રાજયમાં વેપારવાણિજય ઉદ્યોગો આર્થિક પ્રવૃત્તિ વગેરેનો વિકાસ રાજય શાંત અને તેની વ્યવસ્થા સારી હોય તો જ શક્ય બને છે, જયારે રાજયનું પ્રાથમિક કાર્ય શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું છે. આમ બંને શાસ્ત્રોના ધ્યેય એક જ જોવા મળે છે.

(2) પરસ્પર અસર : લોકોમાં આર્થિક અસંતોષ ન વધે તેવું કાર્ય રાજ્ય સરકારનું છે. આર્થિક અસંતોષ ક્રાંતિને જન્મ આપે છે કે જે રાજકીય વ્યવસ્થાને અસ્થિર કરે છે. આમ રાજકીય સ્થિરતા માટે પણ આર્થિક સમાનતા સ્થપાઈ તે માટે કાર્ય થાય છે.

(3) રાજકીય હસ્તક્ષેપ : બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં આર્થિક મંદી ફેલાઈ આ સમયે ઉત્પાદન, વહેંચણી અને વિનિમય ક્ષેત્રે સરકારે દરમિયાનગીરી શરૂ કરી. અત્યારે સરકાર ભાવ નિયમનની નીતિ તથા આયાત  નિકાસ નીતિ પોતાની પાસે રાખે છે અને આ રીતે સરકાર પોતાના ઈશારા મુજબ અર્થતંત્રને ચલાવે છે.

(4) રાજકીય વિચારધારાનો પાયો : વિશ્વમાં જોવા મળતાં સમાજવાદ,સામ્યવાદ વિચારસરણીઓના પાયામાં આર્થિક સિદ્ધાંતો છે, અને તેને સમજાવવા રાજ્યશાસ્ત્રની સાથે-સાથે અર્થશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે. બ્રિટીશરોએ ભારતમાં આર્થિક કારણોસર જ પગપેસરો કર્યો હતો અને ત્યાર પછી શાસન, વ્યવસ્થા સંભાળી હતી.

(5) વિકાસઃ 1991 નવુ ઔદ્યોગિક નીતિ અમલમાં મુકાઈ. જેને કારણે ભારત દેશનો આર્થિક વિકાસ ખૂબ જ ઝડપી બન્યો. એક રાજકીય નિર્ણય અર્થતંત્રને સીધી રીતે અસર કરતું હોવાનું માલૂમ પડે છે.રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ હોવા છતાં બંનેના અભ્યાસથી તો અલગ છે છતાં આ બંને શાસ્ત્રો એકબીજાના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.

### 3. ટૂંક નોંધ લખો : રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો સંબંધ

- રાજ્યશાસ્ત્રમાં જીવંત મનુષ્ય અને માનવ સમુદાયનો અભ્યાસ છે. જ્યારે સમાજશાસામાં મનુષ્યના પાર્મિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સંબંધોની ચર્ચા થાય છે. આમ, બંને શાસ્ત્રોમાં મનુષ્ય કેન્દ્ર સ્થાને છે, તેમના સંબંધોને નીચે પ્રમાણે મૂલવી શકાય.

  (1) વિકાસની ગાથા : રાજ્યની ઉત્પત્તિ તેમજ તેના વિકાસ માહિતી આપણને સમાજશારામાંથી મળે છે. રાજ્યની શકયા થઈ ત્યારે તેની ગણના રાજકીય સંસ્થા કરતાં સામાજિક સંસ્થા તરીકે રહી હતી.

  (2) સમયની દૃષ્ટિએ : સામાજીક જીવનની શરૂઆત પણ રાજકીય જીવન કરતાં વહેલી છે. સમાજ શારો સમયની દૃષ્ટિએ રાજ્યશાસ કરતાં પ્રાચીન છે. શરૂઆતમાં ભટકતું જીવન જીવતો મનુષ્ય સદીઓ પછી ખેતીની શોધ, ચિરસ્થાયી સામૂહિક જીવન જીવવાની શરૂઆત કરી. ત્યારપછી અને ક સમયે બાદ રાજકીય જીવનની શરૂઆત થઈ એવું આપણને આ શાસ્ત્રોના અભ્યાસ પરથી માલુમ પડે છે.

  (3) રાજ્ય સર્વોચ્ચ સામાજિક સંસ્થા છે : સમાજશાસ્ત્રીઓના મતે રાજ્ય સર્વોચ્ચ સામાજિક સંસ્થા છે. કારણ કે, તે સમાજને દોરવણી આપવાની શક્તિ ધરાવે છે. તે સામાજિક વર્તન  વહેવારો પર નિયંત્રણ રાખે છે.

  (4) વિધાશાખાઃ રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વચ્ચેના સંબંધો એ એક નવી વિદ્યાશાખાની જન્મ આપ્યો છે. "રાજકીય સમાજશાસ" તરીકે ઓળખાતી આ શાખા રાજકીય સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના રાજકીય વિકાસ, રાજકીય આધુનિકરણ, રાજકીય સંસ્કૃતિ જેવા સૈદ્ધાંતિક ખ્યાલો આપ્યા છે.

  (5) સામાજિક સંબંધો : સમાજશાસ્ત્રમાં મનુષ્યના સામાજિક સંબંધો મહત્ત્વના છે. લગ્ન, કુટુંબ, મિલકત જ્ઞાતિ, સંબંધ વગેરે બાબતોના સામાજિક પ્રશ્નો અંગેના છેવટના નિર્ણયો સમાજ દ્વારા લેવાય છે.

  (6) ચૂંટણીમાં મદદરૂપઃસમાજના સ્વરૂપ, વિશિષ્ટતાઓ અને કામગીરીનો અભ્યાસ ચૂંટણી સમયે ખુબ જ મહત્ત્વનો છે. ભારત જેવા દેશમાં વિવિધતા જોવા મળે છે. રાજકારણમાં ભારતીય સમાજ, સ્વરૂપ, વિશેષતાઓ અગત્યની બને છે. સત્તા ટકાવવા માટે જ્ઞાતિ અને ધર્મ જેવા મુદાઓને રાજ્યશાસ્ત્ર અને ચૂંટણી સમય ખૂબ જ

ચલાવવામાં આવે છે. સમાજમાં સૌને બંધનકર્તા એવા નિર્ણયો રાજય દ્વારા લેવાય છે અને આવા નિર્ણય થકી સામાજિક સંસ્થાનો અને પરિબળો પ્રભાવિત થાય છે. ઈચ્છિત દિશામાં સામાજિક પરિવર્તન થાય તેમજ ઈષ્ટ સમાજ વ્યવસ્થાનું નિમણિ થાય તે માટે રાજયસત્તાનો ઉપયોગ કરવાનો આધુનિક સમયમાં સ્વીકારવામાં આવે છે.

## 4. ટૂંક નોંધ લખો : રાજયથારસ અને ભૂગોળનો સંબંધ

➢ રાજયના મુખ્ય વિષયમાં વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વનો સમાવેશ થાય છે. તે ચોકકર ભૌગોલિક વિસ્તાર સાથે સંલગ્ન છે. જે ચોકકસ વિસરાર, સરકાર કે રાજીનો ભૌતિક સાધારે છે અને તે એક ચોકકસ ભૌગોલિક પરિસ્થિતિનો ખ્યાલ પડ્યું છે. જેને લઈને આ બંને શાલ વચ્ચે ચોક્કસ પ્રકારના સંબંધો સ્થાપિત થયા છે.

(1) સ્થાનઃ ભૌગોલિક સ્થાન અને રાજકીય વ્યવસ્થા વચ્ચે સીધો સંબંધ શોવા મળે છે. પ્રાચીન ગ્રીસમાં અનેક ટાપુઓ આવેલા હોવાથી ભૌગોલિક એક્તાના અભાવે રાજકીય એક્તા સ્થાપી શકાય નથી. આ ઉપરાંત બ્રિટેન અને યુરોપમાં જર્મની જેવા દેશો કુદરતી ભૌગોલિક સ્થાનને કારણે જ મહાન શક્તિશાળી રાજય તરીકે ઉભરી આવ્યા છે. અમેરીકાની પૂર્વ અને પશ્ચિમ એ અતિ વિશાળ મહાસાગરથી રક્ષાયેલું છે. ભારત બંને બાજુથી મહાસાગર અને ઉત્તરે હિમાલયથી રક્ષાયેલો છે. રશિયા પર જયારે ફ્રાન્સના નેપોલિયન અને જર્મનીના મીટરે આક્રમણ કર્યું તો બંનેએ પરાજય સાંભળ્યો કારણ કે દેવાનો વિશાળ વિસ્તાર દુશ્મનોને અંદર આવવા દેવામાં અને તેમને ઘેરી વળવા માટે પૂરતો સમક્ષ આપતું સતું, આ ઉપરાંત ઠંડું વાતાવરણ પણ દુશ્મનો સામે સહાયરૂપ બની.

(2) કુદરતી સંપત્તિ : રાજયના જમીનની સપાટી નીચેના ભાગ, સપાટી ઉપરના ભાગમાં અવકાશ, રાજયના દરિયા કિનારેથી 12 માઈલનું અંતર જે તે રાજયની માલિકીનું ગણાય છે, રાજપના ભૂમી પ્રદેશમાંથી નીકળતા ખનીજ પદાર્થો અને રાસાયણિક દ્રવ્યો પણી વખત રાષ્ટ્રીય તેમજ આંતર્રાષ્ટ્રીય ક્ષેત્રે ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. તે રાજય ની આર્થિક સમૃદ્ધિ આવી કુદરતી સંપત્તિ પર આધારિત છે. દા.ત, OPEC દેશો. ભારતમાં પણ ઘણી સંપત્તિ અને કુદરતી ગેસના મળ્યા છે, જેને કારણે દેશ સમૃદ્ધિ તરફ આગળ વષી રહ્યો છે.

(3) વ્યુહાત્મક સ્થાન વિશ્વ રાજકારામાં ભૌગોલિક બાબતો પણ જાણે ખૂબ જ અગત્યનું છે. કેટલાક દેશોના સ્થાનોને જીતી લઈને પોતાના વિજયારે વધારવા રાજયો હંમેશા હોય છે અને મામો રાજયો પર અંકુશ મેળવવા માટે ભૂતકાળમાં ઘણા યુદ્ધો થયા છે. જેમ કે ખાડી દેશો કે પર્લ હાર્બર જેવા ટાપુ. વર્તમાન સમયમાં ભુ રાજકારણ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્વનું સ્થાન ધરાવે છે. રાજકારણમાં મુખ્ય મુદ્દો ભૂમિનો છે. એટલે કે રાજય રાજય વચ્ચેના સંબંધ નક્કી કરવામાં રાજય શાસ્ત્ર એને ભૂગોળ વચ્ચેના સંબંધ ખૂબ જ અગત્યના સાબિત થાય છે.

## 5. ટૂંક નોંધ લખો : રાજયશાસ્ત્ર અને માનસશાસ્ત્રનો સંબંધ

➢ રાજાએ થાય કે ધનુષ્યનું શાસન છે. મનુષ્યના માનસિક આયામોની સમજવા જ અનિવાર્ય બન્યા છે. માનસશાસ્ત્રમાં માણસને માનસિક સ્તરનો અભ્યાસ કરવામાં આવે છે અને તેથી રાજયશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંપ ઉદ્વવ્યાં છે.

(1) લોકમતની પોતાની તરફ વાળવા : લોકશાહીમાં લોકમતનું અગત્યનું સ્થાન છે, દરેકે રાજકીય પથ પ્રચારના જુદાજુદા સાધનોનો ઉપયોગ કરીને લોકમતને પોતાની તરફ વાળવામાં સતત પ્રયત્નશીલ હોય છે. સત્તા પર કાબુ મેળવવા માટે સતત લોકો સમક્ષ પોતાના કાર્યક્રમોને અમલમાં મુકવા પડે છે. જ્યારે વિરોષ પક્ષ લોકમતને

પોતાની તરફ વાળવા સતત પ્રયત્નશીલ હોય છે. આ લોકમતના ઘડતરમાં માનસશાસ્ત્રનો અભ્યાસ રાજકીય પક્ષોને ખૂબ જ ઉપયોગી નીવડે છે.

(2) રાષ્ટ્રવાદની ભાવના કેળવવા : પોતાના નાગરિકોમાં રાષ્ટ્રવાદની ભાવના કેળવાય તે માટે માનસશાસ્ત્રની મદદ લેવામાં આવે છે. અને તે રાષ્ટ્ર માટે જરૂર લાગણી કે ભાવના મહત્ત્વનો ભાગ ભજવે છે. રાષ્ટ્રીય એક્તાના પાયામાં માનસશાસ્ત્રીય ખ્યાલ જોવા મળ્યા છે.

(3) નવા કાર્યક્રમો અને કાયદાના અમલીકરણ માટે સરકાર જયારે પણ નવા કાર્યક્રમો કે કાયદા અમલમાં મૂકે છે ત્યારે તેનો વિરોષ થવાની શક્યતાઓ હોય છે. આ માટે લોક માનસનો અભ્યાસ કરીને તેને અમલમાં મૂકાય છે. લોકમતની અવગણના કરવાથી સત્તા ગુમાવવાનો વારો પણ આવ્યા છે.

(4) રાજકીય કાંતિ પાછળનાં કારણોને સમજવા : મોટાભાગની ક્રાંતિ થવા પાછળનું કારણ માનસિક અંસોતષ હોય છે. ક્રાંતિકારીઓને એવું લાગે છે કે સત્તાધારી સરકાર અયોગ્ય છે, જેને દૂર કરવા માટે લોકશાહીનો કોઈપણ માર્ગ બચ્યો નથી અને આ માનસિક્તા છેલ્લે ક્રાંતિ સ્વરૂપે બહાર આવ્યો છે. નેતાઓની સફળતાનો આધારે અન્ય ગુણો ઉપરાંત માની નાડ પારખવા ઉપર રહેલો છે, જે માનસિક શાસ્ત્રનો વિષય છે. વર્તમાન સમયમાં રાજકીય વર્તન અને વહેવારમાં બુદ્ધિ ઉપરાંત, ટેવો, અનુકરશ્નો, લાગણીનો વગેરે પ્રબળ ભાગ ભજવે છે, અને જેને લઈને રાજપશાસા અના માનસશારાં એકબીજાના પૂરક થઈ રહ્યાં છે.